# ગુજરાત જાહેર સેવા આયોગ

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા **જા.ક્ર. ૧/૨૦૨૪-૨૫ થી જા.ક્ર. ૧૭/૨૦૨૪-૨૦૨૫ તારીખ-૦૮/૦૭/૨૦૨૪ (બપોરનાં ૧૩:૦૦ કલાક) થી તારીખ-૨૨/૦૭/૨૦૨૪ (રાત્રિનાં ૧૧:૫૯:૦૦ કલાક) સુધી Online** અરજીઓ મંગાવવામાં આવે છે. સદરહુ જગ્યાઓની મુખ્ય અને અગત્યની વિગતો જેવી કે ઉંમર, ઉંમરમાં છૂટછાટ, શૈક્ષણિક લાયકાત, અનુભવ, પગાર ધોરણ, અરજી ફી, ઓનલાઈન અરજી કરવાની રીત, જાહેરાતની સામાન્ય જોગવાઈઓ, જગ્યાનાં ભરતી નિયમો અને ભરતી (પરીક્ષા) નિયમો તથા અન્ય વિગતો આયોગની વેબસાઈટ https://gpsc.gujarat.gov.in અને https://gpsc-ojas.gujarat.gov.in ઉપર જોવા વિનંતી છે. અત્રે દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અને અનુભવ ઉમેદવારની સામાન્ય સમજણ માટે છે. જાહેરાતની સંપૂર્ણ વિગતો આયોગની વેબસાઈટ પર જોયા બાદ જ ઉમેદવારે https://gpsc-ojas.gujarat.gov.in પર **Online** અરજી કરવાની રહેશે. ઉંમર ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત | કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે અનામત | પ્રાથ./મુખ્ય કસોટીની સૂચિત તારીખ/માસ | પ્રાથમિક/મુખ્ય કસોટીના પરિણામનો સંભવિત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ | શૈક્ષણિક લાયકાત (ટૂંકમાં) | અનુભવ (ટૂંકમાં) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | | | | | ૫ | | | | | | | | | | | |
| | | | બિન અનામત | આ.ન.વ. (EWS) | સા.શૈ.પ વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | બિન અનામત | આ.ન.વ. (EWS) | સા.શૈ.પ વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | | | | | | | |
| ૧ | | ૩ | | | | | | | | | | | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | રહસ્ય સચિવ (ગુજરાતી સ્ટેનોગ્રાફર, ગ્રેડ-૧), વર્ગ-૨ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | સપ્ટે-૨૪ | ડીસે.૨૦૨૪ | એપ્રિલ-૨૫ | AS PER DETAIL ADVT | -- |
| ૨ | અધિક્ષક ઈજનેર, સોઈલ, ડ્રેનેજ અને રેક્લેમેશન, વર્ગ-૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ઓક્ટો.-૨૪ | ડીસે.૨૦૨૪ | માર્ચ-૨૫ | AS PER DETAIL ADVT. | ૧૦ વર્ષ |
| **જાહેરાત ક્રમાંક ૩ થી ૫/૨૦૨૪-૨૫, ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિ. ની છે** | | | | | | | | | | | | | | | | | | | |
| ૩ | કાર્યપાલક ઈજનેર (સિવિલ), વર્ગ-૧ (GWRDC) | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ઓક્ટો.-૨૪ | જાન્યુ.-૨૦૨૫ | એપ્રિલ-૨૫ | BE-BTECH CIVIL | -- |
| ૪ | મદદનીશ સંશોધન અધિકારી, વર્ગ-૨ (GWRDC) | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ઓક્ટો.-૨૪ | ડીસે.૨૦૨૪ | માર્ચ-૨૫ | PG IN ANY BR.OF CHEM | ૩ વર્ષ |
| ૫ | નાણાંકીય સલાહકાર, વર્ગ-૧ (GWRDC) | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | નવે.-૨૪ | ફેબ્રુ.-૨૦૨૫ | એપ્રિલ-૨૫ | AS PER DETAIL ADVT | ૭ વર્ષ |
| **જાહેરાત ક્રમાંક ૬ થી ૧૧/૨૦૨૪-૨૫, ગાંધીનગર મહાનગરપાલિકા ની છે** | | | | | | | | | | | | | | | | | | | |
| ૬ | ડેઝીગ્નેટેડ ઓફિસર, વર્ગ-૨ (GMC) | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ઓક્ટો/નવે.૨૪ | જાન્યુ.-૨૦૨૫ | એપ્રિલ-૨૫ | AS PER DETAIL ADVT. | ૫/૭ વર્ષ |
| ૭ | બાગાયત સુપરવાઈઝર, વર્ગ-૩ (GMC) | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ઓક્ટો/નવે.૨૪ | ડીસે.૨૦૨૪ | -- | DEG.AGRI/HORTI | -- |
| ૮ | ફૂડ ઈન્સપેક્ટર/ ફૂડ સેફટી ઓફિસર, વર્ગ-૩ (GMC) | ૦૩ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ઓક્ટો/નવે.૨૪ | ડીસે.૨૦૨૪ | -- | AS PER DETAIL ADVT | ૨ વર્ષ |
| ૯ | કચેરી અધિક્ષક/વિજીલન્સ ઓફિસર, વર્ગ-૩ (GMC) | ૦૬ | ૦૨ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ઓક્ટો/નવે.૨૪ | જાન્યુ.-૨૦૨૫ | -- | ANY GRADUATE | ૪ વર્ષ |
| ૧૦ | ચીફ ફાયર ઓફિસર, વર્ગ-૧ (GMC) | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ઓક્ટો.૨૦૨૪ | ડીસે.૨૦૨૪ | ફેબ્રુ.-૨૦૨૫ | AS PER DETAIL ADVT. | ૭ વર્ષ |
| ૧૧ | ફાયર ઓફિસર, વર્ગ-૨ (GMC) | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ઓક્ટો.૨૦૨૪ | ડીસે.૨૦૨૪ | ફેબ્રુ.-૨૦૨૫ | AS PER DETAIL ADVT. | ૩ વર્ષ |
| **જાહેરાત ક્રમાંક ૧૨/૨૦૨૪-૨૫, ગુજરાત રાજ્ય બિજ નિગમ લિ. ની છે** | | | | | | | | | | | | | | | | | | | |
| ૧૨ | બીજ અધિકારી, વર્ગ-૨ (GSSCL) | ૪૧ | ૧૨ | ૦૮ | ૧૨ | ૦૨ | ૦૭ | ૦૩ | ૦૨ | ૦૩ | ૦૦ | ૦૨ | ૦૩ | ૦૧ | ઓક્ટો/નવે.૨૪ | જાન્યુ.-૨૦૨૫ | એપ્રિલ-૨૫ | B.Sc. AGRICULTURE | -- |
| ૧૩ | આચાર્ય, વર્ગ-૨, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ | ૬૦ | ૩૪ | ૦૫ | ૧૦ | ૦૮ | ૦૩ | ૧૧ | ૦૨ | ૦૩ | ૦૩ | ૦૧ | ૦૩ | ૦૧ | ઓક્ટો.-૨૪ | ડીસે.૨૦૨૪ | એપ્રિલ-૨૫ | BE-BTECH/DIPLOMA | ૩/૫ વર્ષ |
| ૧૪ | જેલર, ગ્રુપ-૧ (પુરૂષ), વર્ગ-૨, ગૃહ વિભાગ | ૦૭ | ૦૫ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | નવે.-૨૪ | માર્ચ-૨૦૨૫ | જૂન-૨૦૨૫ | ANY GRADUATE | -- |
| ૧૫ | નાયબ મુખ્ય હસ્તાંક્ષર, નિષ્ણાંત, વર્ગ-૨ ગૃહ વિભાગ | ૦૩ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ઓક્ટો.-૨૪ | ફેબ્રુ.-૨૦૨૫ | મે-૨૦૨૫ | POST GRADUATE+DIP | ૫ વર્ષ |
| ૧૬ | કિલનિકલ સાયકોલોજીસ્ટ, વર્ગ-૨ | ૪૧ | ૧૫ | ૦૫ | ૧૨ | ૦૩ | ૦૬ | ૦૫ | ૦૧ | ૦૪ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૦ | ઓક્ટો.-૨૪ | ફેબ્રુ.-૨૦૨૫ | મે-૨૦૨૫ | POST GRADUATE+DIP. | ૨ વર્ષ |
| **જાહેરાત ક્રમાંક ૧૭/૨૦૨૪-૨૫, ગુજરાત જાહેર સેવા આયોગમાં ૧૧ માસના કરાર આધારીતની છે** | | | | | | | | | | | | | | | | | | | |
| ૧૭ | કાયદા અધિકારી-GPSCમાં (૧૧ માસનાં કરારના ધોરણે) | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | -- | -- | -- | LL.B | ૩ વર્ષ |

➢ આયોગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવતી સદરહુ જાહેરાતોમાં જગ્યાઓની સંખ્યામાં વિભાગની દરખાસ્તને આધીન ફેરફાર કરવાનો આયોગનો અબાધિત અધિકાર રહેશે.

➢**જા.ક્ર. ૦૩ થી ૦૫/૨૦૨૪-૨૫**ની જગ્યાઓએ પસંદગી પામેલ ઉમેદવારો **ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિ. (GWRDC)**ના કર્મચારી ગણાશે, તેમજ જા.ક્ર. **૦૬ થી ૧૧/૨૦૨૪-૨૫**ની જગ્યાઓએ પસંદગી પામેલ ઉમેદવારો **ગાંધીનગર મહાનગરપાલિકા (GMC)**નાં કર્મચારી ગણાશે અને **જા.ક્ર. ૧૨/૨૦૨૪-૨૫**ની જગ્યાઓએ પસંદગી પામેલ ઉમેદવારો **ગુજરાત રાજ્ય બિજ નિગમ લિ. (GSSCL)**નાં કર્મચારી ગણાશે. સદરહુ જાહેરાતોની જગ્યાઓ માટે સંબંધિત નિગમ/મહાનગરપાલિકાનાં ભરતી નિયમો અને અન્ય તમામ નિયમોને આધિન આ જાહેરાતો આપવામાં આવે છે. **જા.ક્ર. ૧૭/૨૦૨૪-૨૫, ગુજરાત જાહેર સેવા આયોગની ૧૧ માસનાં કરાર આધારિતની ભરતી છે.** ઉપરોક્ત **જા.ક્ર ૦૩ થી ૧૨ અને ૧૭** સંબંધે તેઓ ગુજરાત સરકારના કર્મચારી ગણાશે નહી.

➢(૧) ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને જે તે જાહેરાત માટે ઓનલાઈન એક જ અરજી કરવી. ઓન-લાઈન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ, તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે. (૨) અરજી કરતી વખતે જ ઉમેદવારે પોતાનો ફોટો અને સહી અપલોડ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું. જો ઉમેદવાર દ્વારા પોતાના બદલે અન્ય કોઈનો ફોટો કે સહી ઓનલાઈન અરજીમાં/પ્રવેશપત્રમાં જણાશે તો ઉમેદવારને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં. (૩) ઉમેદવારો દ્વારા કરવામાં આવતી ઓનલાઇન અરજી જાહેરાતના આખરી (છેલ્લા) સમય સુધી "Editable" છે. કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ/ભૂલ/ચૂક થાય તો તે બાબતે સુધારો કરવાની જરૂરિયાત જણાય તો https://gpsc-ojas.gujarat.gov.in ના "Online Application" મેનુમાં "Edit" વિકલ્પમાં જઇને તે જાહેરાતમાં ઓનલાઇન અરજી કરવાના આખરી (છેલ્લા) દિવસ અને સમય સુધીમાં કોઇ પણ વિગત સુધારી શકાશે, જે બાબતે નવી અરજી કરવી નહીં. જાહેરાતના ઓનલાઇન અરજી કરવાનો સમય પૂર્ણ થયા બાદ ઓનલાઇન ભરેલ અરજીપત્રકમાં કોઇ સુધારા વધારા થઇ શકશે નહીં. (૪) તે ઉપરાંત ઓનલાઇન કન્ફર્મ થયેલ અરજીપત્રક (Application Form) ની નકલ અવશ્ય ડાઉનલોડ કરી SAVE કરી લેવી અને તેમાં પોતાની તમામ વિગતો, ફોટો અને સહીની ચકાસણી કરી લેવી. (૫) એક કરતાં વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિન-અનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે. (૬) ઉમેદવારોએ રૂબરૂ મુલાકાતને પાત્ર થયાના કિસ્સામાં રજૂ કરવાના થતા પ્રમાણપત્રો તૈયાર રાખવાના રહેશે અને રૂબરૂ મુલાકત સમયે અચૂક રજૂ કરવાના રહેશે.

➢ઉમરનાં પુરાવા માટે BIRTH/SSCE CERTIFICATE (જન્મ તારીખ દર્શાવેલ) જ રજૂ કરવું. અન્ય કોઈપણ દસ્તાવેજ માન્ય ગણાશે નહીં. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ NON CREAMY LAYER CERTIFICATE (NCLC) માટે પરિશિષ્ટ-ક-પરિશિષ્ટ-૪ (ગુજરાતી) જ રજૂ કરવું. આર્થિક રીતે નબળા વર્ગના (EWS) ઉમેદવારોએ ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તારીખ ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:EWS/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયા મુજબનું (અંગ્રેજીમાં Annexure-KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ)માં જ રજૂ કરવું અને તે જ માન્ય ગણાશે.

➢બિન-અનામત વર્ગનાં ઉમેદવારો અરજી ફી પોસ્ટ ઓફિસમાં ચલણથી તારીખ ૨૩.૦૭.૨૦૨૪ સુધીમાં જે તે પોસ્ટ ઓફિસનાં કચેરી સમય સુધી ભરી શકશે અને ઓનલાઈન https://gpsc-ojas.gujarat.gov.in પર રાત્રિના ૧૧:૫૯ સુધી ભરી શકશે.

➢ઉમેદવારોને ખાસ સલાહ આપવામાં આવે છે કે Online અરજી કરવા માટે તારીખ-૨૨-૦૭-૨૦૨૪ના રાત્રિનાં ૧૧:૫૯ કલાક સુધી જ વેબસાઇટ ખુલ્લી રહેશે. માટે આખરી દિવસ સુધી રાહ ન જોતા Online અરજીપત્રકમાં તમામ વિગતો કાળજીપૂર્વક ચકાસીને વહેલી તકે ભરવા અને ઓનલાઇન અરજી Confirm કરવા જણાવવામાં આવે છે. ઉમેદવાર દ્વારા નિયત સમયમાં Online અરજીપત્રક ભરી Confirmation Number મેળવી લેવો ફરજીયાત છે. જેમાં ચૂક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.

**તારીખ-૦૫-૦૭-૨૦૨૪**

follow us on: @GPSC_OFFICIAL https://gpsc.gujarat.gov.in GPSC (Official)